પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

## -:: ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે

**ક્રમાંક:એસ.બી./કોરોનાવાયરસ/૦૪/૨૦૨૧**

### -: અનલોક-૦૮ જાહેરનામું :-

**વંચાણે લીધા**:-

(૧) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૧/૧૨/૨૦૨૦ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/03/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૮/૧૨/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: : 40-3/2020-DM-I(A) થી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ ના હુકમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક :જીજી/ ૮૫/ ૨૦૨૦/ વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૩૧/૧૨/૨૦૨૦ માં જણાવેલ નિર્દેશો આધારે કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલું રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગના તા.૦૧/૧૦/૨૦૨૦ ના જાહેરનામાં ક્રમાંક જીજી/ ૬૫/ ૨૦૨૦/ વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ જે તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તેને હવે વધુ એક માસ એટલે કે તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ- ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ **તા.૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૧/૦૧/૨૦૨૧ ના કલાક.૨૪/૦૦ વાગ્યા** સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરીને નીચે મુજબ હુકમ કરુ છું

**-:હુકમ:-**

A. **તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાં ફકત આવશ્યક ગતિવિધીઓ ચાલુ રહેશે.**

B. **કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં નીચે મુજબની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે.**

| અ.નં | પ્રવૃત્તિઓ | કન્ટેઇન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|
| ૧ | સીનેમા હોલ, થિયેટર, મલ્ટીપ્લેક્ષ | હા,<br>૫૦% ની ક્ષમતા સાથે રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા તથા ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જે એસ.ઓ.પી જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | મનોરંજન પાર્ક અને તેના સમાન સ્થળ | હા,<br>આ સંદર્ભના ગુજરાત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે. |
| ૩ | સ્વીમીંગ પુલ | હા,<br>ફકત રમત ગમતની તાલીમના હેતુ માટે રાજય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તથા ભારત સરકારના યુવા અને રમત ગમત બાબતોના મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે. |
| ૪ | વ્યાપાર થી વ્યાપાર પ્રર્દશન | હા,<br>આ સંદર્ભે રાજય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ભારત સરકારના વાણીજ્ય વિભાગ જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે. |
| ૫ | પાર્ક અને બગીચાઓ | હા. |
| ૬ | બધા ધાર્મિક સ્થળો | હા,<br>રાજય સરકારના ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે. |
| ૭ | હોટલો અને રેસ્ટોરન્ટો | હા,<br>ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવેલ છે તે પછી વખતો-વખતના અન્ય હુકમોને આધીન નિર્ધારિત સમય મર્યાદામાં ખુલ્લી રાખી શકાશે.<br>Take-away (પાર્સલ સુવિધા ) જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ ચાલુ રહેશે. |
| ૮ | શોપીંગ મોલ | હા ,<br>ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી.જાહેર કરવામાં આવેલ છે. તે પછી વખતો-વખતના અન્ય હુકમોને આધીન નિર્ધારિત સમય મર્યાદામાં ખુલ્લી રાખી શકાશે. |
| ૯ | શોપ્સ ( દુકાનો) | તે પછી વખતો-વખતના અન્ય હુકમોને આધીન નિર્ધારિત સમય મર્યાદામાં ખુલ્લી રાખી શકાશે. |
| ૧૦ | લાયબ્રેરી | હા, ૬૦ % ની ક્ષમતા સાથે. |
| ૧૧ | GSRTC બસ સેવાઓ/ શહેરી બસ સેવાઓ/ ખાનગી બસ સેવાઓ | હા, ૭૫% ની ક્ષમતા સાથે. |
| ૧૨ | મેટ્રો રેલ સેવા | હા, ભારત સરકારના Ministry of Housing and Urban Affairs , Government Of India દ્વારા જારી કરવામાં આવેલ એસ.ઓ.પી મુજબ. |
| ૧૩ | ઓટો રીક્ષાઓ | હા, ( એક ડ્રાઇવર +બે પેસેન્જર ) માસ્ક સાથે |

| | | |
|---|---|---|
| ૧૪ | કેબ, ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર, | હા. ( એક ડ્રાઈવર+ત્રણ પેસેન્જર ; જો બેઠક ક્ષમતા ૬ અથવા વધારે હોય તો એક ડ્રાઇવર + ચાર લોકોને પરવાનગી આપવામાં આવશે. ) માસ્ક સાથે |
| ૧૫ | ફેમીલી ઉપયોગના માટેના ખાનગી વાહનો | હા, ( એક ડ્રાઇવર + ત્રણ વ્યક્તિઓ ) માસ્ક સાથે |
| ૧૬ | દ્વિચક્રીય વાહનો | હા( ૧ +૧) માસ્ક સાથે. |

1. કન્ટેઇમેન્ટ ઝોનની બહાર Closed Spaces જેવા કે, હોટેલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનિટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other congregation / large gatherings કરવામાં આવે સ્થળની ક્ષમતાના ૫૦ % થી વધુ નહી, પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં જ આયોજન કરી શકાશે. લગ્ન /સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ તથા મૃત્યુ પ્રસંગે વ્યક્તિઓની સંખ્યા સંબધમાં ગૃહ વિભાગના તા-૨૪/૧૧/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૦૨૦/ ૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP/ માર્ગદર્શક સુચનાઓ તથા વ્યક્તિઓની સંખ્યાની મર્યાદા યથાવત રાખવામાં આવે છે.

   વધુમાં લગ્ન માટે ગૃહ વિભાગના તા-૧૧//૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૦૨૦/ ૪૮૨ થી નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસાર Online રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તથા જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.આવા આયોજન દરમ્યાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪/૦૬/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : Z28015/19/2020-EMR( PT) થી ધાર્મિક સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
2. જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા other congregation નું આયોજન કરવામાં આવે ત્યારે લગ્ન /સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીમાં જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.
3. મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ ધાર્મિક વિધીના કિસ્સામાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.
4. શહેરમાં કરફ્યુ સમય દરમ્યાન લગ્ન/ સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ પ્રતિબંધિત રહેશે.
5. તહેવારોની ઉજવણી, ધાર્મિક કાર્યક્રમો તથા સામાજિક કાર્યક્રમો ગુજરાત સરકારના ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમોને આધીન કરવાના રહેશે.
6. શહેરમાં શાળા, Coaching સંસ્થાઓ પુન: શરૂ કરવા માટે રાજય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા Department of School Education and Literacy ( DoSEL ), Ministry of Education, Government of India દ્વારા બહાર પાડવામાં આવેલ SOP ને ધ્યાને લઇ સ્થાનિક પરિસ્થિતીને લક્ષમાં લઇ વિગતવાર SOP/Instruction જાહેર કરવામાં આવશે.
7. Department of Higher Education (DHE), Ministry of Education, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતીની સમીક્ષા કરીને કોલેજો/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેશે.
8. જાહેર સ્થળો, કામના સ્થળો તથા મુસાફરી દરમ્યાન ફરજીયાત માસ્ક પહેરવું, હેન્ડ વોશ/સેનેટાઇઝરનો ઉપયોગ કરવો તથા બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ ( દો ગજ કી દુરી ) નું અંતર જાળવી રાખવું
9. આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરવો.

10. ૬૫ વર્ષથી વધુ ઉમરના વ્યક્તિઓ, કો-ર્માબિડિટી ધરાવતી વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને અતિઆવશ્યક અને તબીબી કારણોસર જરૂર હોય તે સિવાયના ઘરે રહેવાની સલાહ આપવામાં આવે છે.
11. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે માસ્ક ન પહેરવા બદલ રાજય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.
12. કેન્દ્ર સરકારના તા.૨૫/૧૧/૨૦૨૦ ના હુકમ સાથેના Annexure-I માં જણાવવામાં આવેલ The National Directives for COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૦ ના હુકમ સાથેના Annexure-II માં જણાવવામાં આવેલ વિવિધ પ્રવૃતીઓ માટેની એસ.ઓ.પી નો ચુસ્ત અમલ કરવાનો રહેશે.
14. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

**-:વિસ્તાર:-**

**સુરત શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

**-:અમલવારી:-**

**તા.૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૧/૦૧/૨૦૨૧ ના કલાક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ **તા. ૩૧/૧૨/૨૦૨૦** ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત
(૧૯)) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)